# ખેડૂતોપયોગી સંશોધન ભલામણો

# ૨૦૧૪




**વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી**

**આણંદ કૃષિ યુનિવર્સિટી**

**આણંદ - ૩૮૮૧૧૦**

**આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા**
**પ્રકાશિત કૃષિ સામાયિક**

# "કૃષિગોવિદ્યા"ના સભ્ય બનો

**વાર્ષિક**
**લવાજમ**
**₹ ૧૫૦/-**








**લવાજમ તથા વધુ માહિતી માટે :**
તંત્રી, કૃષિગોવિદ્યા, પ્રકાશન વિભાગ
વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ જી. આણંદ પિન : ૩૮૮ ૧૧૦
ફોન નં. : (૦૨૬૯૨) ૨૬૧૯૨૧
ફેકસ નં. : (૦૨૬૯૨) ૨૬૨૩૧૭


**નોંધ :** લવાજમ મનીઓર્ડરથી તથા બેંક ડ્રાફ્ટથી આણંદ કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટસ આણંદના નામે સ્વીકારવામાં આવે છે. ચેક અસ્વીકાર્ય છે.

**"કૃષિગોવિદ્યા"ના લેખોમાં આપેલ માહિતીનો ઉપયોગ**
**કરી આપની ખેતીને સમૃદ્ધ બનાવો**

# ખેડૂતોપયોગી સંશોધન ભલામણો

## ૨૦૧૪


: સંકલન :

ડૉ. એન.વી. સોની

ડૉ. વી. આર. બોઘરા

ડૉ. એચ. બી. પટેલ

ડૉ. બી. એસ. પટેલ

ડૉ. ડી. ડી. પટેલ



પ્રકાશક

વિસ્તરણ શિક્ષણ નિયામક

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

પ્રકાશન વિભાગ, યુનિવર્સિટી ભવન

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ – ૩૮૮ ૧૧૦

ફોનઃ (૦૨૬૯૨) ૨૬૧૯૨૧ ફેક્સઃ (૦૨૬૯૨) ૨૬૨૩૧૭

# ખેડૂતોપયોગી સંશોધન ભલામણો ૨૦૧૪


| | | |
|---|---|---|
| પ્રકાશન વર્ષ | : | ફેબ્રુઆરી, ૨૦૧૫ |
| યોજના | : | સેન્ટર ફોર કોમ્યુનિકેશન નેટવર્ક (સીસીએન)<br>પ્રકાશન વિભાગ, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી<br>આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| નકલ | : | ૧૦૦૦ |
| કિંમત | : | વિના મૂલ્યે |
| પ્રકાશક | : | વિસ્તરણ શિક્ષણ નિયામક<br>આણંદ કૃષિ યુનિવર્સિટી<br>આણંદ – ૩૮૮ ૧૧૦ |
| મુદ્રક | : | એશિયન પ્રિન્ટરી<br>૨૨૯૯/૧, ભૂતની આંબલી<br>તલાટી હોલ પાસે, રાયપુર<br>અમદાવાદ–૩૮૦ ૦૦૧<br>ફોન : (૦૭૯) ૨૨૧૪૮૮૨૬ |



કુલપતિ
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

## આમુખ

કોઈપણ ક્ષેત્રના વિકાસ માટે સંશોધનો અતિ આવશ્યક છે. મધ્ય ગુજરાત કૃષિ ક્ષેત્રે સમગ્ર ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. મધ્ય ગુજરાતના ખેડૂતોના લાભાર્થે આણંદ કૃષિ યુનિવર્સિટી તેના વિવિધ સંશોધન કેન્દ્રો દ્વારા સંશોધન અખતરાઓ ગોઠવી વિવિધ સંશોધનો હાથ ધરે છે. ચાર-પાંચ વર્ષ સુધી ચાલેલ અખતરાઓના પરિણામોની સમીક્ષા સંશોધનોની પેટા સમિતિઓની બેઠકમાં કરવામાં આવે છે. ચર્ચાને અંતે ખેડૂતોને ઉપયોગી થાય તેવા તારણો અલગ તારવી કાઢવામાં આવે છે. આ સફળ તારણોને ખેડૂતોના ઉપયોગ સારૂ ભલામણ કરવા રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની કૃષિ સંશોધનની સમિતિની સંયુક્ત બેઠકમાં રજૂ કરવામાં આવે છે. સદર બેઠક દરમ્યાન દરેકે દરેક સફળ તારણો ઉપર વિચાર વિમર્શ કર્યા બાદ ખેડૂતભાઈઓને ખેતીમાં ઉપયોગી થાય તેવા તારણો મધ્ય ગુજરાતના ખેડૂતો સમુદાયના લાભાર્થે **'ખેડૂતોપયોગી સંશોધન ભલામણો'** સ્વરૂપે બહાર પાડવામાં આવે છે. આવા સંશોધનના ફાયદાકારક પરિણામોનું સંકલન કરી ખેડૂતભાઈઓ સમજી શકે તેવી સરળ ભાષામાં તૈયાર કરી પુસ્તિકારૂપે પ્રસિદ્ધ થતી આ પુસ્તિકા વિસ્તરણ કાર્યકરો તેમજ ખડૂતોને ખૂબ જ માર્ગદર્શક અને ઉપયોગી બની રહેશે.

મધ્ય ગુજરાતના ખેડૂતભાઈઓ આ **'ખેડૂતોપયોગી સંશોધન ભલામણો ૨૦૧૪'**ની પુસ્તિકામાં સમાવિષ્ટ ખેડૂતોપયોગી સંશોધન ભલામણોનો તેમની ખેતીમાં ઉપયોગ કરી તેમના ખેત ઉત્પાદન તેમજ આવકમાં વધારો કરી શકશે, જેના પરિણામે રાજ્ય તેમજ રાષ્ટ્રના ખેત ઉત્પાદન તેમજ આવકમાં વધારો થશે તેવી આશા રાખું છું.

(એન.સી. પટેલ)



**વિસ્તરણ શિક્ષણ નિયામક**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

## પ્રસ્તાવના

મધ્ય ગુજરાતના ખેત-આબોહવામાન મુજબની ખેતી અને તેના સંલગ્ન ક્ષેત્રોમાં આ વિસ્તારના ખેડૂત સમુદાયને ઉપયોગી થાય તેવા કૃષિ સંશોધનો હાથ ધરવાની જવાબદારી આણંદ કૃષિ યુનિવર્સિટી સને ૨૦૦૪ના વર્ષથી સંભાળી રહી છે. આ કૃષિ સંશોધનોનાં સફળ તારણો આધારિત ભલામણો પૈકી જે સંશોધન ભલામણો ખેડૂતમિત્રોના ઉપયોગ માટે સને ૨૦૧૪ના વર્ષની સંશોધન પરિષદની સંયુક્ત બેઠકમાં મંજૂર કરવામાં આવેલ છે, તે કૃષિ સંશોધન ભલામણોનું સંકલન કરી સંક્ષિપ્ત સ્વરૂપે ખેડૂતો અને વિસ્તરણ કાર્યકરો સમજી શકે તેવી સરળ ભાષામાં તૈયાર કરી પ્રસિદ્ધ કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. આ પુસ્તિકા માટે જરૂરી માહિતી આણંદ કૃષિ યુનિવર્સિટીના જે તે સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ, સંશોધન પરિષદની પેટા સમિતિઓના કન્વેનરશ્રીઓ તેમજ સંશોધન નિયામકશ્રી પાસેથી મેળવીને તૈયાર કરેલ છે.

આ પુસ્તિકામાં સમાવિષ્ટ સંશોધન ભલામણો તાજેતરમાં થયેલ સંશોધનોના ફળસ્વરૂપે હોઈ ખેડૂતોના આર્થિક ઉત્કર્ષ માટે ફાયદાકારક તેમજ વિસ્તરણ કામગીરીમાં જરૂરી માર્ગદર્શનરૂપ બની રહેશે.

આ પુસ્તિકાની સંશોધનની માહિતી સંશોધન વૈજ્ઞાનિકો દ્વારા પુરી પાડવામાં આવી છે. તેઓનો અને આ માહિતીને વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં વિસ્તરણ શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓએ પ્રસંશનીય કામગીરી કરેલ છે તે બદલ તે સૌને મારા હાર્દિક અભિનંદન છે.

સદર માહિતીનો ખેડૂતમિત્રો પોતાની ખેતીમાં ઉપયોગ કરી આવક વધારી રાજ્ય તથા દેશની સમૃદ્ધિ વધારશે તેવી અપેક્ષા રાખુ છું.

(પી. પી. પટેલ )

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | વિવિધ પાકોની સુધારેલી / સંકર જાતો | ૬ |
| ૨ | ધાન્ય પાકો | ૯ |
| ૩ | કઠોળ પાકો | ૧૦ |
| ૪ | રોકડિયા પાકો | ૧૧ |
| ૫ | શાકભાજી પાકો | ૧૪ |
| ૬ | ઔષધિય પાકો | ૧૫ |
| ૭ | એગ્રિકલ્ચર ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૧૫ |
| ૮ | કૃષિ ઈજનેરી | ૧૬ |
| ૯ | ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી | ૧૬ |
| ૧૦ | ડેરી વિજ્ઞાન | ૧૮ |
| ૧૧ | પશુ પોષણ | ૨૧ |
| ૧૨ | મરઘાં પાલન | ૨૨ |

## (૧) વિવિધ પાકોની સુધારેલી / સંકર જાતો

### ૧.૧ ગુજરાત આણંદ બાસીલ-૧ (જીએબી ૧)



ડમરાની સુધારેલી જાત ગુજરાત આણંદ બાસીલ-૧માં ડમરાની સોમ્ય તથા આણંદ સ્થાનિક જાત કરતા અનુક્રમે ૮૯.૫૯ અને ૯૫.૨૨% લીલા પાનનું તથા ૧૪૮.૭૦ અને ૯૬.૮૫% સુગંધિત તેલનું વધુ ઉત્પાદન મળે છે. જેથી લીલા પાનનું (૫૭૯ કિવ./હે) તથા સુગંધિત તેલનાં (૧૫૮ કિ.ગ્રા./હે.) ઉત્પાદનના સાર્થક તફાવતને ધ્યાને લઈ ડમરાની વધુ ઉત્પાદન આપતી જાત જીએબી-૧ (ગુજરાત આણંદ બાસીલ-૧)ને મધ્ય ગુજરાતમાં વાવણી માટે ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક, ઔષધિય અને સુગંધિત પાક યોજના, આ.કૃ.યુ., આણંદ)

### ૧.૨ ઘાસચારા ઓટની નવી જાત : જવાહર ઓટ-૦૩-૯૧ (જેઓ -૦૩-૯૧)

મુખ્ય લક્ષણો :




- ઓટ કેન્ટ કરતાં ઊંચી, લાંબા પાનવાળી અને એક કાપણીની જાત છે.
- ઓટ કેન્ટ કરતાં વધુ રસાળ છે.
- પાન અને થડનો ગુણોત્તર (૧.૬૦) વધુ છે.
- ક્રુડ પ્રોટીન વધુ (૧૨.૯૧ ટકા) ધરાવે છે.
- લીલાચારાનું ઉત્પાદન સરેરાશ ૬૦.૩ ટન/હે. છે, જે ૨૯.૭ ટકા, ૨૦.૬ ટકા અને ૧૮.૯ ટકા અનુક્રમે ઓએસ-૬, કેન્ટ અને જેએચઓ-૮૨૨ જાતો કરતાં વધુ છે.
- સૂકા ઘાસચારાનું ઉત્પાદન સરેરાશ ૯.૧૩ ટન / હે. છે. જે ૧૩.૬ ટકા, ૯.૨ ટકા અને ૬.૯ ટકા અનુક્રમે ઓએસ-૬, કેન્ટ અને જેએચઓ-૮૨૨ જાતો કરતાં વધુ છે.
- આ જાત પાનનો સુકારો, મૂળનો કોહવારો અને છારાના રોગ સામે પ્રતિકારકતા ધરાવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક (ઘાસચારા), મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ)

### ૧.૩ ગુજરાત આણંદ શાકભાજી સુવા-૧ (જીએવીડી ૧)



આ જાત પસંદગી પદ્ધતિથી ૨૦૧૪માં વિકસાવવામાં આવેલ છે. મધ્ય ગુજરાત પરિસ્થિતિમાં આ જાત હેકટરે ૨૬૦.૩૨ ક્વિન્ટલ જેટલી લીલી ભાજીની ઉપજ આપે છે. જે જીડી-૧, જીડી-૨ અને જીડી-૩ કરતા અનુક્રમે ૨.૩૯, ૧૫.૬૩ અને ૫.૫૮% વધુ છે. આ જાતમાં મોટા પુષ્પિવન્યાસ અને છોડની અનિયંત્રિત વૃદ્ધિ જોવા મળે છે. આ જાતનાં પાન ઘાટા લીલા રંગના તથા મોડી પાકતી છે. આ જાતનાં બીજ ચપટા અને કદમાં મોટા હોય છે. અંકુશ જાત કરતા ભૂકી છારાના રોગનું પ્રમાણ ઓછું છે.

(સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ)

### ૧.૪ ગુજરાત આણંદ સંકર રીંગણ-૩ (જીએબીએચ ૩)



આ સંકર જાત એબીસી ૧ અને એબીસી ૨નાં સંકરણ દ્વારા તૈયાર કરી ૨૦૧૪માં ભલામણ કરવામાં આવેલ છે. મધ્ય ગુજરાત આબોહવાકીય પરિસ્થિતિમાં આ જાત ૬૧૩.૦૪ ક્વિન્ટલ/ હેકટર જેટલું ફળનું ઉત્પાદન આપે છે. જે અંકુશ જાત એબીએચ ૧ અને જીબીએચ ૨ કરતા અુક્રમે ૩૪.૨૨ અને ૧૯.૬૬ ટકા જેટલું વધારે છે. રીંગણની આ સંકર જાતના ફળ ઘાટા જાંબુડીયાથી કાળાશ પડતા રંગના, લાંબા અને મધ્યમ કદના છે. તદઉપરાંત આ જાતમાં પાન અને ડીટીયા પર છૂટાછવાયા કાંટા હોય છે. ઘટ્ટીયા પાનનો રોગ, તડતડીયા, સફેદમાખી અને ફળ કોરી ખાનાર ઈયળનું પ્રમાણ અંકુશ જાતો કરતા ઓછું જોવા મળે છે. આ જાતમાં વિટામિન સી, એન્થોસાયનીન તથા કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ અંકુશ જાત એબીએચ -૧ અને જીબીએચ-૨ કરતા વધારે હોય છે.

(સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ)

### ૧.૫ ગુજરાત આણંદ સફેદ ડુંગળી-૨ (જીએડબ્લ્યુઓ ૨)



આ જાત પસંદગી પદ્ધતિથી ૨૦૧૪માં વિકસાવવામાં આવેલ છે. મધ્ય ગુજરાત આબોહવાકીય પરિસ્થિતિમાં આ જાત હેકટરે ૫૯૫.૩૭ ક્વિન્ટલ / હેકટર કંદની ઉપજ આપે છે જે જીડબલ્યુઓ ૧ અને પીડબલ્યુએફ ૧૩૧ કરતા અનુક્રમે ૨૪.૬૪ અને ૪૪.૮૫ % વધુ છે, આ જાતની ડુંગળીનાં કદના સફેદ રંગના મોટા કદના હોય છે. આ જાતમાં જોડીયા કંદ અને બોલ્ટીંગનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ જાતમાં કુલ દ્રાવ્ય ઘનતા, પાયરૂવિક ઍસિડ, શર્કરા, કાર્બોહાઈડ્રેટ અને ફીનોલનું પ્રમાણ અંકુશ જાતો કરતા વધારે છે તથા પરપલ બ્લોચ અને થ્રિપ્સ સામે અંકુશ જાતો કરતા વધારે પ્રતિકારતકતા ધરાવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ)

### ૧.૬ ગુજરાત આણંદ લસણ-૬ (જીએજી ૬)



આ જાત પસંદગી પદ્ધતિથી ૨૦૧૪માં વિકસાવવામાં આવેલ છે. મધ્ય ગુજરાત આબોહવાકીય પરિસ્થિતિમાં આ જાત હેકટરે ૯૧.૮૯ ક્વિન્ટલ ઉપજ આપે છે, જે જીજી-૪ અને જી-૨૮૨ કરતાં અનુક્રમે ૨૭.૩૯ અને ૩૬.૪૧ ટકા વધુ છે. આ જાત વધુ સંખ્યામાં લાંબા અને ઘેરા લીલા પાન ધરાવે છે. કળીઓ અંતર્ગોળ આકારની અને જાંબલી રંગની હોય છે. આ જાતમાં કુલ દ્રાવ્ય ઘનતા, પાયરૂવિક ઍસિડ, એસ્કોર્બિક ઍસિડ અને શર્કરાનું પ્રમાણ અંકુશ જાતો કરતા વધારે છે તથા થ્રિપ્સ સામે અંકુશ જાતો કરતા વધારે પ્રતિકારકતા ધરાવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ)

## (૨) ધાન્ય પાકો

### ૨.૧ ઘઉંના પાકમાં નેડેપ કમ્પોસ્ટની અસર અને બિયારણની માવજત

ભાલ અને દરિયાકાંઠા ખેત આબોહવાકિય વિસ્તારમાં સંગ્રહિત ભેજમાં ઉગતા ઘઉનું વધુ ઉત્પાદન અને આવક મેળવવા માટે ૨.૬ પ્રતિ હેકટર નેડેપ કમ્પોષ્ટને ૮૦ કિલોગ્રામ દિવેલીના ખોળથી એનરીચ્ડ કરીને ચોમાસા ઋતુની શરૂઆતમાં ભલામણ કરેલ નાઈટ્રોજનયુક્ત રાસાયણિક ખાતરને બદલે આપવું અને બિયારણ એઝોસ્પાઈરીલમ (૫ મિ.લિ./કિ.ગ્રા. બિયારણ)ની માવજત આપવી.

(સંશોધન વૈજ્ઞાનિક (એન.એ.આર.પી.), આ.કૃ.યુ., અરણેજ)

### ૨.૨ મીઠી મકાઈ (સ્વીટ કોર્ન)માં ખાતર વ્યવસ્થા

મધ્ય ગુજરાત ખેત આબોહવા વિસ્તાર (એઈએસ-૨)માં રવી ઋતુમાં મીઠી મકાઈ (સ્વીટ કોર્ન, માધુરી જાત) ઉગાડતા ખેડૂતો માટે હેકટરે ૨ ટન વર્મિકમ્પોસ્ટ અને ૧.૨ ટન દિવેલીનો ખોળ તથા ૯૦ કિલો નાઈટ્રોજન અને ૪૫ કિલો ફોસ્ફરસ આપવાથી લીલા ડોડાનું પ્રતિ હેકટરે વધુ નફા સાથે ઉત્પાદન મેળવવાની ભલામણ છે.

(સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા)

### ૨.૩ મીઠી મકાઈ (સ્વીટ કોર્ન) ટપક પિયત દ્વારા ખાતર વ્યવસ્થા

મધ્ય ગુજરાત ખેત આબોહવા વિસ્તાર-૩ ના મીઠી મકાઈ (સ્વીટ કોર્ન) પકવતા ખેડૂતોને પ્રતિ હેકટરે વધુ  ઉત્પાદન અને વધુ નફો મેળવવા પાકને પ્રતિ હે. ૬૦ કિ.ગ્રા. નાઈટ્રોજન આપવું જે પૈકી ૧૮ કિ.ગ્રા. પાયામાં અને બાકીનો ૪૨ કિ.ગ્રા. ટપક પદ્ધતિથી વાવણી પછી ૨૦ દિવસ બાદ ત્રણ સરખા હપ્તામાં દસ દિવસના અંતરે યુરિયા ખાતરમાંથી આપવો. આ ટપક પિયત પદ્ધતિમાં ૪ લિ., પ્રતિ કલાકની ક્ષમતાના ડ્રિપર અને ૬૦ સે.મી.ના અંતરવાળી ડ્રિપ લાઈન બે ડ્રિપ લાઈન વચ્ચે ૯૦ સે.મી.ના અંતરે ગોઠવી ટપક પ્રણાલીને ૧.૨ કિ.ગ્રા./ સે.મી.$^{૨}$ ના દબાણે ૨ કલાક ચલાવવાની ભલામણ છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર (પિયત પાકો), આ.કૃ.યુ., ઠાસરા)

## (૩) કઠોળ પાકો

### ૩.૧ તુવેરના પાકમાં શીંગમાખીનું નિયંત્રણ

મધ્યમ ગુજરાતમાં તુવેરની ખેતી કરતા ખેડૂતોને શીંગમાખીના નિયંત્રણ માટે થાયોમેથોકઝામ ૨૫ ડબલ્યુ.જી.૦.૦૧% (૪ મિ.લિ./૧૦ લિટર પાણી; ૬૦ ગ્રામ સ.ત./હે.) ના બે છંટકાવ કરવાની સલાહ આપવામાં આવે છે. પ્રથમ છંટકાવ ૫૦% છોડ પર શીંગો બેસે ત્યારે અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવના ૧૫ દિવસ બાદ કરવો આ કીટનાશકનાં છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચે ૨૯ દિવસનો ગાળો રાખવો.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એન્ટોમોલોજી), કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ડેરોલ)

### ૩.૨ તુવેરના પાકમાં લીલીઈયળ તથા સીંગમાખીનું નિયંત્રણ

મધ્ય ગુજરાતમાં તુવેર પકવતા ખેડૂતોને લીલી ઈયળ તથા શીંગમાખીના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે પાકની ૫૦ ટકા ફૂલ અવસ્થાએ અને ૫૦ ટકા શીંગો બેસવાની અવસ્થાએ કલોરેન્ટ્રાનીલિપ્રોલ ૧૮.૫ એસ.સી. જંતુનાશક દવા (૧૦ લિ. પાણીમાં ૩.૦ મિ.લિ. દવા)નો છંટકાવ કરવાની ભલામણ છે.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એન્ટોમોલોજી), કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., વડોદરા)

### ૩.૩ ચણાના પાકમાં પોપટા કોરી ખાનાર ઈયળનું નિયંત્રણ

મધ્ય ગુજરાતના ચણાની ખેતી કરતા ખેડૂતોને પોપટા કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે કલોરેન્ટ્રેનીલિપ્રોલ ૨૦ એસ.સી. @ ૦.૦૦૬% (૩ મિ.લિ./૧૦ લિટર પાણી; ૩૦ ગ્રામ સ.ત./હે.) અથવા એમામેકટીન બેન્ઝોએટ ૫ ડબલ્યુ.જી. @ ૦.૦૦૨૫% (૫ ગ્રામ / ૧૦ લિટર પાણી; ૧૨.૫ ગ્રામ સ.ત./હે.) ના બે છંટકાવ કરવાની સલાહ આપવામાં આવે છે. પ્રથમ છંટકાવ ૫૦% છોડ પર પોપટા બેસે ત્યારે અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવના ૧૫ દિવસ બાદ કરવો. કલોરેન્ટ્રાનીલિપ્રોલ ૨૦ એસ.સી. અને એમામેકટીન બેન્ઝોએટ ૫ ડબલ્યુ.જી. છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચે અનુક્રમે ૧૧ અને ૧૪ દિવસનો ગાળો રાખવો.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એન્ટોમોલોજી), કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ડેરોલ)

### ૩.૪ ચણાના પાકમાં લીલી ઈયળનું નિયંત્રણ

ભાલ અને દરિયાકાંઠા ખેત આબોહવાકીય વિભાગ-૮ ના ચણાની ખેતી કરતાં

ખેડૂતોને લીલી ઈયળ (પોપટાં કોરી ખાનાર ઈયળ)ના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે હેકટરે ૪૦ પક્ષી સ્ટેન્ડ સાથે ૨૦ લ્યુર સાથેના ફેરોમોન ટ્રેપ, ચણાની વાવણી પછી ૧૫ દિવસે એકબીજાથી સરખા અંતરે અને છોડની ઊંચાઈથી અનુક્રમે ૩ અને ૧ ફૂટ ઊંચે રહે તેમ ગોઠવવા અને ફેરોમોન લ્યુર દર ત્રણ અઠવાડિયે બદલવા ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ)

### ૩.૫ મગના પાકમાં મોલો અને પંચરંગીયા રોગનું નિયંત્રણ

મધ્ય ગુજરાત ખેત આબોહવા વિસ્તાર-૩ના ખરીફ ઋતુમાં મગ ઉગાડતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે મગની મોલો અને તેનાથી ફેલાતા સામાન્ય પંચરંગીયા રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે મગના બીજને થાયોમીથોકઝામ ૩૫ એફએસ ૧૦ મિ.લિ./કિલો બીજ (૩.૫ ગ્રામ સક્રિય તત્વ / કિલો) પ્રમાણે પટ આપી વાવતેર કરવું. ત્યારબાદ થાયોમીથોકઝામ ૨૫ ડબલ્યુજી (૦.૦૧ ટકા) ૪ ગ્રામ/૧૦ લિટર પાણી, ૩૦ ગ્રામ સક્રિય તત્ત્વ/હેકટર પ્રમાણેનો પ્રથમ છંટકાવ વાવેતર પછી ૩૦ દિવસે અને બીજો છંટકાવ ૪૫ દિવસે કરવો.

(પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બં.અ.કૃ.મ., આ.કૃ.યુ., આણંદ )

### ૩.૬ મગના પાકમાં લેગ્યુમ પોડ બોરરનો નિયંત્રણ

મધ્ય ગુજરાતમાં મગ ઉગાડતા ખેડૂતોને મગના પાકમાં નુકશાન કરતી જીવાત લેગ્યુમ પોડ બોરર (મેરુકા વીટરાટા)ના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે ફલુબેન્ડામાઈડ ૪૮ એસ.સી. (૧૦ લિ. પાણીમાં ૨.૦ મિ.લિ. દવા) જંતુનાશક દવા પાકમાં ૫૦ ટકા ફૂલ બેસવાની અવસ્થાએ છંટકાવ કરવાની ભલામણ છે.

( મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એન્ટો.) કઠોળ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., વડોદરા)

## (૪) રોકડીયા પાકો

### ૪.૧ બીટી કપાસના પાકમાં ટપક પિયત પદ્ધતિ દ્વારા ખાતર વ્યવસ્થા

મધ્ય ગુજરાત ઝોન-૩ની ખેત હવામાન પરિસ્થિતિ-૨ માં બીટી કપાસનું વાવેતર કરતા ખેડૂતોને વધારે ચોખ્ખી આવક અને વધારે ઉત્પાદન મેળવવા માટે ટપક પિયત પદ્ધતિ અપનાવી પ્રતિ હેકટરે ૨૪૦ કિ.ગ્રા. નાઈટ્રોજન આપવાની ભલામણ કરવામાં આવે છે.

આ માટે ટપક પદ્ધતિમાં ૪ લિટર પ્રતિ કલાક પ્રવાહની ક્ષમતાવાળા ડ્રિપર ૦.૬ મીટરના અંતરે ગોઠવેલ હોય તેવી ડ્રિપ લાઈન (લેટરલ) પાકની દરેક હારમાં ૧.૨૦ મીટરના અંતરે ગોઠવીને ટપક પદ્ધતિ ૧.૨ કિ.ગ્રા./સે.મી.$^{2}$ ના દબાણે દર ૩ દિવસે ઓકટોબર-નવેમ્બર માસ દરમ્યાન ૧ કલાક ૫૦ મિનિટ તથા ડિસેમ્બર-જાન્યુઆરી માસ દરમ્યાન ૧ કલાક ૨૫ મિનિટ પ્રમાણે ચલાવવી.

(સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ)

### ૪.૨ બીટી કપાસ-ઘઉં પાક પદ્ધતિમાં ખાતર વ્યવસ્થા :

મધ્ય ગુજરાત ઝોન-૩માં બીટી કપાસ-ઘઉં પાક પદ્ધતિ અપનાવતા ખેડૂતોને આ પદ્ધતિમાંથી વધારે ચોખ્ખી આવક અને વધારે ઉત્પાદન મેળવવા માટે બન્ને પાકને પ્રતિ હેકટરે ૧૦ ટન છાણિયું ખાતર અથવા ૧ ટન દિવેલી ખોળ અને ભલામણ કરેલ રાસાયણિક ખાતરના ૭૫% પ્રમાણે કપાસ (૨૪૦ કિ.ગ્રા.ના.) અને ઘઉં (૯૦:૪૫:૦ કિ.ગ્રા. ના.ફો.પો.) પાકમાં આપવાની ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ)

### ૪.૩ દેશી કપાસના પાકમાં ફોસ્ફરસનો ઉપયોગ

ઉત્તર-પશ્ચિમ ખેત આબોહવાકિય વિભાગ-૫ વિસ્તારના દેશી કપાસના વાવેતરમાં ફોસ્ફરસ ફાયદાકારક નથી.

(સહ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય દિવેલા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ.,વિરમગામ)

### ૪.૪ દેશી કપાસમાં વાવણી અંતર અને ખાતર વ્યવસ્થા

ઉત્તર-પશ્ચિમ ખેત આબોહવાકિય વિભાગ-૫ વિસ્તારના દેશી કપાસ ઉગાડતા ખેડૂતોને કપાસનું વધુ ઉત્પાદન મેળવવા માટે બિનપિયત એડીસી-૧ જાતને ૨૧૦ સે. મી. x ૩૦ સે.મી. વાવણી અંતર રાખીને પ્રતિ હેકટરે ૪૦ કિલો (૨૦ કિ./હે. વાવણી સમયે તથા ૨૦ કિ/હે.વાવણી બાદ ૩૦ થી ૪૦ દિવસે) નાઈટ્રોજન આપવાની ભલામણ કરવામાં આવે છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય દિવેલા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ.,વિરમગામ)

### ૪.૫ બિનપિયત દેશી કપાસમાં ખાતર વ્યવસ્થા

ઉત્તર-પશ્ચિમ ખેત આબોહવાકિય વિભાગ-૫ બિનપિયત વિસ્તારના દેશી કપાસ ઉગાડતા ખેડૂતોને કપાસનું વધુ ઉત્પાદન મેળવવા માટે ૧૦૦% નાઈટ્રોજન છાણિયા ખાતરમાંથી (૮ ટન/હે.) અથવા ૭૫% નાઈટ્રોજન રાસાયણિક ખાતરમાંથી (૩૦ કિ./હે.) + ૨૫% નાઈટ્રોજન વર્મિકમ્પોસ્ટમાંથી (૬૦૦ કિ./હે.) આપવાની ભલામણ કરવામાં આવે છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય દિવેલા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ.,વિરમગામ)

### ૪.૬ બીડી તમાકુના પાકમાં પિયત અને ખૂંટણી

મધ્ય ગુજરાત ખેત હવામાન ઝોન-૩ (એઈએસ-૨) ના તમાકુનું વાવેતર કરતાં ખેડૂતોને કૃમિ પ્રતિકારક બીડી તમાકુની જાત એબીટી ૧૦ માં વધુ ઉત્પાદન અને વધારે આર્થિક નફો મેળવવા ૫૦ મિ.મી. ઊંડાઈના ૧૫-૨૦ દિવસના અંતરે ૪ થી ૫ પિયત આપવાની અને ૧૮ પાને ખૂંટણી કરવાની ભલામણ છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન), બીડી તમાકુ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ)

### ૪.૭ બીડી તમાકુના ધરૂવાડીયામાં કોહવારાનું નિયંત્રણ

બીડી તમાકુના ધરૂવાડીયામાં કોહવારાના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે રોગની શરૂઆતથી એઝોક્ષીસ્ટ્રોબીન ૨૩ એસ.સી. @ ૦.૦૨૩% (૨૩૦ ગ્રામ સ.ત./હે. : ૧૦ મિ.લિ./૧૦ લિ.પાણી/૧૦૦ ચો.મી.) પ્રમાણે જરૂરિયાત મુજબ બે થી ત્રણ છંટકાવ રેલાવીને કરવાની ખેડૂતોને સલાહ આપવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક (વન. રોગશાસ્ત્ર), બીડી તમાકુ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ, આણંદ)

### ૪.૮ બીડી તમાકુના ધરૂવાડીયામાં સફેદ ચાંચડીનું નિયંત્રણ

બીડી તમાકુના ધરૂવાડીયામાં સફેદ ચાંચડી રોગના અસરકારક અને અર્થક્ષમ વ્યવસ્થા માટે કાર્બેન્ડાઝીમ + મેન્કોઝેબ (૭૫ વે.પા.) ૦.૨૨૫% (૧.૧૨૫ કિ.ગ્રા. સ.ત./ હે. : ૩૦ મિ.લિ./૧૦ લિ.પાણી/૨૦૦ ચો.મી.) પ્રમાણે રોગની શરૂઆતથી ૧૦ દિવસના આંતરે બે છંટકાવ કરવાની ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક (વન. રોગશાસ્ત્ર), બીડી તમાકુ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., આણંદ)

### ૪.૯ વરિયાળીના પાકમાં ટપક પિયત પદ્ધતિ અને ખાતર વ્યવસ્થા

મધ્ય ગુજરાત ખેત આબોહવા વિસ્તાર-૩ ના ઓરાણ વરિયાળી ઉગાડતાં ખેડૂતોને વરિયાળીનું વધુ ઉત્પાદન અને વધુ નફો મેળવવા ટપક પદ્ધતિ અપનાવવા તથા નાઈટ્રોજન ખાતર પ્રતિ હેકટરે ૭૨ કિલો મુજબ (જેમાંથી ૧૮ કિલો પાયામાં અને ૫૪ કિલો વાવણીના ૩૦ દિવસ બાદ પાંચ સરખા હપ્તામાં દર ૧૦ દિવસના અંતરે યુરિયામાંથી) આપવાની ભલામણ કરવામાં આવે છે. આ ટપક પિયત પદ્ધતિમાં ૮ લિ., પ્રતિ કલાકની ક્ષમતાના ડ્રિપર અને ૬૦ સે.મી.ના અંતરવાળી ડ્રિપ લાઈન, બે ડ્રિપ લાઈન વચ્ચે ૯૦ સે.મી.ના અંતરે ગોઠવી ટપક પ્રણાલીને ૧.૨ કિ.ગ્રામ / સે.મી.$^{૨}$ ના દબાણે આંતરે- દિવસે ૩૦ મિનિટ ચલાવવાની ભલામણ છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર (પિયત પાકો), આ.કૃ.યુ., ઠાસરા)

### ૪.૧૦ જીરૂના પાકમાં ખાતર વ્યવસ્થા

ભાલ અને દરિયાકાંઠા ખેત આબોહવાકિય વિસ્તારના નીકપાળા પદ્ધતિથી જીરૂ (ગુજરાત જીરૂ-૪) ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે વધુ ઉત્પાદન અને આવક મેળવવા માટે ૩૦ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૩૦ કિલોગ્રામ ફોસ્ફરસ પાયામાં અને ૩૦ કિલોગ્રામ નાઈટ્રોજન પૂર્તિ ખાતર તરીકે વાવણી બાદ ૩૦ દિવસે આપવું.

(સંશોધન વૈજ્ઞાનિક, એન.એ.આર.પી., આ.કૃ.યુ., અરણેજ)

## (૫) શાકભાજી પાકો

### ૫.૧ બટાટાના પાકમાં પોટાશ ખાતરની બચત

મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર-૩ ના બટાટા પકવતા ખેડૂતોને વધુ ઉત્પાદન તથા ૨૫% પોટાશ ખાતરની બચત (૨૨૦ કિ.ગ્રા. પોટાશ/હે ના બદલે ૧૬૫ કિ.ગ્રા. પોટાશ / હે. આપવું) માટે પ્રતિ હેકટર ૧ લિટર પોટાશ મોબિલાઈઝીંગ બેકટેરિયાની ભલામણ કરેલ જાત ફ્રેચ્યુરીયા ઓરેસીઆ અથવા સ્થાનિક જાત એન્ટેરોબેકટર કેએમબીડબલ્યુ ૧ ની માવજત (બીજ અથવા જમીન) આપવાની ભલામણ કરવામાં આવે છે. તદુપરાંત નાઈટ્રોજન અને ફોસ્ફરસયુકત ખાતર ભલામણ કર્યા મુજબ વાપરવા.

(પ્રાધ્યાપક અને વડા, માઈક્રોબાયોલોજી વિભાગ, બં.અ.કૃ.મ., આ.કૃ.યુ.,આણંદ)

### ૫.૨ ટામેટીના પાકની સજીવ ખેતીમાં ખાતર વ્યવસ્થા

મધ્ય ગુજરાત ખેત આબોહવા વિસ્તાર ૩ માં સજીવ ખેતી દ્વારા નિયંત્રિત વૃદ્ધિવાળી ટામેટીની જાતોનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ટામેટીના પાકને પ્રતિ હેકટર ૭ ટન નાડેપ કમ્પોસ્ટ તથા ૩૫૦ કિ.ગ્રા. દિવેલીના ખોળને એક લિટર એઝેટોબેકટર કલ્ચર સાથે મિશ્રણ કરીને ફેરરોપણી સમયે આપવાથી ટામેટીનું વધુ ઉત્પાદન, સારી ગુણવત્તા તથા વધુ આવક મળે છે અને જમીનનું સ્વાસ્થ્ય પણ જળવાય છે.

(પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, બં.અ.કૃ.મ., આ.કૃ.યુ.,આણંદ)

## (૬) ઔષધિય પાકો

### ૬.૧ કાળીજીરીના પાકમાં વાવણી સમય અને વાવણી અંતર

મધ્ય ગુજરાત ખેત આબોહવા વિસ્તાર-૩ (એઈએસ-૩)ના કાળીજીરીનું વાવતેર કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો લેવા માટે કાળીજીરીનું વાવતેર ઓકટોબર માસના પ્રથમ અઠવાડીયામાં, બે હાર વચ્ચે ૪૫ સે.મી.નું અંતર રાખીને વાવણી કરવાની ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક, ઔષધિય અને સુગંધિત પાક યોજના, આ.કૃ.યુ., આણંદ)

## (૭) એગ્રિકલ્ચર ઈન્ફોર્મેશન ટેકનોલોજી

### ૭.૧ વેબ આધારિત સોઈલ હેલ્થ કાર્ડ એપ્લિકેશન

કૃષિ વિકાસ માટે નિર્ણય લેવામાં મદદરૂપ થવાય તે હેતુંથી આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા સોઈલ હેલ્થ કાર્ડ પોર્ટલ (http://shc.gujarat.gov.in, http://shc.aau.in) બનાવવામાં આવેલ છે. ખેડૂત મિત્રો તેમના ખેતરને લગતી કૃષિ સંબંધિત માહિતી મેળવી શકે છે. તેમના જમીનના નમૂનાની ચકાસણી થઈ ગયા પછી તેમની જમીનના ઈ.સી., પી.એચ. આંક તેમજ મુખ્ય તત્ત્વો, ગૌણ તત્ત્વો અને સૂક્ષ્મ તત્ત્વોની અલગ કરીને ચકાસણી કરવામાં આવે છે અને જમીન ચકાસણીના આધારે ખેડૂતો તેમની જમીનને અનુરૂપ નવી ખેતી પદ્ધતિ, ઋતુ આધારિત ખેતી અને સારો પાક મેળવવાની પદ્ધતિ બનાવવા ખેડૂતને ભલામણો આપી શકાય છે.

(નિયામક, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ.,આણંદ)

## (૮) કૃષિ ઈજનેરી

### ૮.૧ મકાઈના ડોડામાંથી દાણા છૂટા પાડવાનું મશીન



આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ પગથી ચાલતું મકાઈના ડોડામાંથી દાણા છૂટા પાડવાના મશીનની ભલામણ નાના સીમાંત ખેડૂતો માટે કરવામાં આવે છે. આ મશીનથી દાણા છૂટા પાડવાની ઉચ્ચ કાર્યક્ષમતા આવે છે અને હાથથી ચાલતા મશીનની સરખામણીએ ખર્ચમાં સારી બચત થાય છે.

(પ્રાધ્યાપક અને વડા, એફ.એમ.પી.ઈ. વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, આ.કૃ.યુ., ગોધરા)

## (૯) ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી

### ૯.૧ ઘઉંના જવારાના રસનું ઉત્પાદન અને સંગ્રહ

ઘઉના જવારાના રસનું ઉત્પાદન કરવામાં રસ ધરાવતા સાહસિકો અને ઉદ્યોગકારોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે.પાણીમાં પલાળેલા ઘઉંને ઉગ્યા બાદ ૭ દિવસ પછી તેમાંથી પાણી ઉમેર્યા વગર રસ કાઢી તેને ઠંડુ કરીને ૧૦ દિવસ સુધી સાચવી શકાય તેવી પ્રક્રિયા વિકસાવવામાં આવેલી છે.

(પ્રાધ્યાપક અને વડા, પી.એચ.ઈ. વિભાગ, એફપીટી એન્ડ બીઈ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૯.૨ ટામેટાની લણણી પછીનું વ્યવસ્થાપન અને સંગ્રહ

ટામેટાની લણણી પછીના વ્યવસ્થાપનમાં જોડાયેલા ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, એગ્રો પ્રોસેસિંગ એકમોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકાસાવેલ ફળને ઠંડા કરવાની પદ્ધતિ વાપરવાની ભલામણ કરવામાં આવે છે. ભલામણ મુજબ ટામેટાને ઠંડી હવા અથવા ઠંડા પાણી દ્વારા ઠંડા કરીને અનુક્રમે રૂમ તાપમાને ૧૨ દિવસ અને કોલ્ડસ્ટોરેજમાં ૧૫ દિવસ વધારે, વજનમાં પડતી ઘટ અને પોષક તત્વોને જાળવી રાખી સંગ્રહ કરી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, પી.એચ.ઈ. વિભાગ, એફપીટી એન્ડ બીઈ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૯.૩ દૂધીના જયુસનો ઉત્પાદન અને સંગ્રહ

દૂધીના જયુસ ઉત્પાદનમાં રસ ધરાવતા ઉદ્યોગકારો અને સાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ જયુસને સાચવવાની પદ્ધતિનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે. આ પદ્ધતિ થકી જયુસનું ઉત્પાદન કોઈપણ જાતના રાસાયણિક પ્રિઝર્વેટિવ ઉમેર્યા સિવાય થઈ શકે છે. આ રીતે તૈયાર થયેલ જયુસની સંગ્રહશક્તિ સામાન્ય તાપમાને ૨૦ દિવસ સુધીની તથા રેફ્રિજરેટેડ તાપમાને ૩૦ દિવસ સુધીની હોય છે.

(પ્રાધ્યાપક અને વડા, પી.એચ.ઈ. વિભાગ, એફપીટી એન્ડ બીઈ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૯.૪ કાજૂ-કતરીનું ઉત્પાદન અને સંગ્રહ

કાજૂ-કતરીના વ્યવસાયિક ઉત્પાદનમાં રસ ધરાવતા ફૂડ પ્રોસેસર અને ઉદ્યોગસાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આ અંગે નિર્ધારિત કરેલ પદ્ધતિનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે. આ પદ્ધતિથી કોઈ રાસાયણિક પ્રિઝવેટીવ વિના લાબી સંગ્રહશક્તિ ધરાવતી કાજૂ-કતરીનું ઉત્પાદન કરી શકાય છે. આ કાજૂ-કતરીને બોકસમાં પૅક કરીને ફ્રિજમાં લગભગ ૨૪ દિવસ સુધી સાચવી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ફાર્મ એન્જી. વિભાગ, એફપીટી એન્ડ બીઈ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૯.૫ આમળા જયુસ ઉત્પાદન અને સંગ્રહ

સર્વોત્તમ ગુણવત્તાયુક્ત આમળા જયુસના ઉત્પાદનમાં રસ ધરાવતા ઉદ્યોગસાહસિકો અને ફૂડ પ્રોસેસરોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ આમળા જયુસની તકનીક વાપરવાની ભલામણ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં આમળાને વરાળથી ગરમ કરી છીણી, ઠોળીયા કાઢી ભૂકો કરી અને ઉષ્મા પ્રક્રિયા કરીને મહત્તમ જયુસ મેળવી શકાય છે. આ રીતે તૈયાર કરેલ જયુસને ૩૭$\pm$૨° સે. તાપમાને કોઈપણ પ્રિઝર્વેટિવ વિના ૩ મહિના માટે સાચવી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, એફ.પી.ટી. વિભાગ, એફપીટી એન્ડ બીઈ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૯.૬ ઓકારા (સોયદૂધ ઉત્પાદનની ઉપપેદાશ) દ્વારા નાસ્તાનું ઉત્પાદન

સોયદૂધના ઉત્પાદનની ઉપપેદાશ (બાય-પ્રોડકટ) 'ઓકારા'ના ઉપયોગથી એક્ષ્ટ્રુડેડ નાસ્તાના ઉત્પાદનમાં રસ ધરાવતા ફૂડ પ્રોસેસરો/ઉદ્યોગસાહસિકોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ સોયાબીનના દૂધની ઉપપેદાશ 'ઓકારા'નો ઉપયોગ કરવાની પદ્ધતિ અપનાવવા ભલામણ કરવામાં આવે છે. આ પદ્ધતિથી પ્રોટીન સભર નાસ્તો બનાવી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, એફ.પી.ટી. વિભાગ, એફપીટી એન્ડ બીઈ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૯.૭ ચોખાની ફોતરીના અખાદ્ય તેલમાંથી બાયોડીઝલ

વધુ ફ્રી ફેટી એસિડ ધરાવતા ચોખાની ફોતરીના અખાદ્ય તેલમાંથી કાર્યક્ષમ બાયોડીઝલ બનાવવા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ પદ્ધતિનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં પ્રથમ એસ્ટરીફીકેશન અને ત્યારબાદ ટ્રાન્સએસ્ટરીફીકેશન પ્રક્રિયા દ્વારા વધુ ફ્રી ફેટી ઍસિડવાળા ચોખાના તેલમાંથી ૯૦ ટકા બાયોડીઝલ તૈયાર થાય છે.

(પ્રાધ્યાપક અને વડા, એફ.ક્યુ.એ. વિભાગ, એફપીટી એન્ડ બીઈ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૯.૮ પૌષ્ટિક મિકસ ફ્રુટબાર અને તેનું પેકિંગ

જે ફૂડ પ્રોસેસરો સસ્તી અને પૌષ્ટિક મિકસ ફ્રૂટબાર વિકસાવવામાં રસ ધરાવે છે તેમને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલી પદ્ધતિ અનુસરવાની ભલામણ કરવામાં આવે છે. ફળોમાંથી બનાવેલ આ ઉત્પાદનને મેટલાઈઝડ કાસ્ટ પોલીપ્રોપીલીન (MPP)માં પેક કરી ને સામાન્ય તાપમાને ૬ મહિના સુધી રાખી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, એફ.ક્યુ.એ. વિભાગ, એફપીટી એન્ડ બીઈ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

## (૧૦) ડેરી વિજ્ઞાન

### ૧૦.૧ પ્રોબાયોટિક આઈસક્રીમ અને સંગ્રહ

સાદા આઈસક્રીમની જેવી સમાન ગુણવત્તાવાળો પ્રોબાયોટિક આઈસક્રીમ ૯% ના દરે માલ્ટેડ રાગી તેમજ ૦.૧% ના દરે લેકટોબેસિલસ હેલ્વેટીકસ એમટીસીસી ૫૪૬૩ નું કલ્ચર ઉમેરીને બનાવી શકાય છે. જેમાં ૧૦$^{૮}$ પ્રતિગ્રામથી વધારે જીવંત પ્રોબાયોટિક

બેકટેરીયા ૯૦ દિવસ સુધીના –૨૦° સે. સંગ્રહ દરમ્યાન મેળવી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી માઈક્રોબાયોલોજી વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૦.૨ પ્રોબાયોટિક શ્રીખંડ અને સંગ્રહ

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તારવેલ શુદ્ધ પ્રોબાયોટિક કલ્ચર લેકટોબેસિલસ હેલ્વેટીકસ એમટીસીસી ૫૪૬૨ તથા યોગર્ટ કલ્ચરની પ્રોબાયોટિક શ્રીખંડ બનાવવા માટે ભલામણ કરવામાં આવેલ છે. આ શ્રીખંડ ૭±૨° સે. તાપમાને ૨૮ દિવસ સુધી સંગ્રહી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી ટેકનોલોજી વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૦.૩ ફેટ યુકત દૂધમાંથી ઘટાડેલ ફેટ પનીર બનાવવાની પદ્ધતિ

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ ૨% ફેટ યુકત દૂધમાંથી ઘટાડેલ ફેટ પનીર બનાવવાની પદ્ધતિ ડેરી ઔદ્યોગિકો માટે ભલામણ કરેલ છે. આ પનીરમાં ૧૨% ફેટ અને ૨૦% પ્રોટીન હોય છે, જેની સરખામણીમાં સામાન્ય પનીરમાં ૨૩% ફેટ અને ૧૭% પ્રોટીન હોય છે. સદર ઘટાડેલ ફેટ પનીરનો ઉત્પાદન ખર્ચ સામાન્ય પનીર કરતા આશરે ૧૦% ઓછો આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી ટેકનોલોજી વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૦.૪ રાગીયુકત ચોકલેટ આઈસક્રીમ

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ મધ્યમ ચરબી ચોકલેટ આઈસક્રીમમાં ૪% (ભેજરહિત ધોરણે) ફણગાવેલ રાગીનો લોટ ઉમેરવાની ભલામણ કરવામાં આવે છે. આ વિકસિત ઉત્પાદનની કિંમત સામાન્ય આઈસ્ક્રીમ કરતા ઓછી છે તથા વધુ ફાઈબરનો લાભ ધરાવે છે.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી ટેકનોલોજી વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૦.૫ સ્વીટક્રીમ બટરમિલ્કમાંથી બરફી અને તેનો સંગ્રહ

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા સ્વીટક્રીમ બટરમિલ્કમાંથી બરફી બનાવવાની પદ્ધતિ વિકસાવવામાં આવેલ છે. આ બરફી સ્વીટક્રીમ બટરમિલ્કને ૬% ફેટ સપ્રમાણિત કરી તેમાંથી બનાવેલ માવામાં ૩૪% ખાંડ ઉમેરી બનાવવામાં આવે છે. આ બરફીને પી.

વી.સી. બોક્ષમાં પૅક કરી ૩૭±૨° સે. તાપમાને ૪ દિવસ તથા ૭±૨° સે. તાપમાને ૨૮ દિવસ સુધી સંગ્રહી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી ટેકનોલોજી વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૦.૬ ચમચમની બનાવટ અને સંગ્રહ

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ચમચમ બનાવવાની પદ્ધતિ વિકસાવવામાં આવેલ છે. તે માટે દૂધને ૪.૮% ફેટ સપ્રમાણિત કરી, ૮૭° સે. પર કોએગ્યુલેટ કરી ૬૦° બ્રિકસના ખાંડના દ્રાવણમાં કૂકિંગ કરવામાં આવે છે. આ ચમચમને પી.વી.સી. ટ્રે બોક્ષમાં પૅક કરી ૩૦±૨° સે. તાપમાને ૪ દિવસ તથા ૭±૨° સે. તાપમાને ૧૪ દિવસ સુધી સંગ્રહી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી ટેકનોલોજી વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૦.૭ પનીર આધારિત બરફી અને સંગ્રહ

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પનીર આધારિત બરફી બનાવવાની પદ્ધતિ વિકસાવવામાં આવેલ છે. આ બરફી બનાવવા માટે દૂધને ૦.૬૫ ફેટ : એસએનએફ ગુણોત્તર સપ્રમાણિત કરી, ૭૯° સે. પર કોએગ્યુલેટ કરી ૨૭.૨૭% ખાંડ નાખવામાં આવે છે. આ પનીર આધારિત બરફીને પી.વી.સી. ટ્રે બોક્ષમાં પેક કરી ૩૦±૨° સે. તાપમાને ૪ દિવસ તથા ૭±૨° સે. તાપમાને ૨૧ દિવસ સુધી સંગ્રહી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી ટેકનોલોજી વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૦.૮ થાબડી પેંડા બનાવવાની પદ્ધતિ

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા થાબડી પેંડા બનાવવાની પદ્ધતિ વિકસાવવામાં આવેલ છે. આ થાબડી પેંડા, દૂધને ૬% ફેટ અને ૯% એસએનએફ સપ્રમાણિત કરી તેમાં ૮.૩૩% ખાંડ ઉમેરી બનાવવામાં આવે તો ઈષ્ટતમ ગુણવત્તા પ્રાપ્ત કરી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી ટેકનોલોજી વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૦.૯ થાબડી પેંડાનું પેકિંગ અને સંગ્રહ

થાબડી પેંડાને જો પોલીસ્ટર/પીઈ પાઉચમાં આંશિક શૂન્યાવકાશ (૧૧૦ મિ.મી. પારો) અને નાઈટ્રોજન વાયુ ભરીને પેક કરવામાં આવે તો ૩૭±૨° સે. તાપમાને ૬ દિવસ

અને ૨૦±૨° સે. તાપમાને ૨૦ દિવસ સુધી રાખી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી ટેકનોલોજી વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૦.૧૦ ઈવોપોરેટિવ કૂલ્ડ એર દ્વારા રેફ્રિજરેશન એકમના વીજ ખર્ચમાં ઘટાડો

એર કૂલ્ડ કન્ડેનસરમાં ૧૪૦ મિ.મી. x ૬૫ મિ.મી. x ૨૫ મિ.મી. ના માપના ઘાસના પેડ ઉપર પાણીના છંટકાવથી ઠંડી થયેલ હવા (ઈવોપોરેટિવ કૂલ્ડ એર) ને એરકૂલ્ડ કન્ડેનસર ઉપર પસાર કરવાથી બલ્ક મિલ્ક કૂલરના રેફ્રીઝરેશન એકમના કન્ડેશીંગ દબાણમાં ઘટાડો થાય છે. આ ચકાસણી લેબોરેટરી સ્કેલના ૨૦૦ કિ.ગ્રા. ક્ષમતાવાળા બલ્ક મિલ્ક કૂલર ઉપર કરવામાં આવેલ હતી. કન્ડેશીંગ પ્રેસર ઘટવાથી વીજળી ખર્ચમાં ૧૦-૧૫% નો ઘટાડો માર્ચ, એપ્રિલ અને મે માસ દરમ્યાન જણાયેલ હતો. આ ચકાસણી વખતે ઈવોપોરેટિવ કૂલિંગ એકમની કાર્યક્ષમતા ૮૦-૮૫% વાતાવરણના ડ્રાય બલ્બ અને વેટ બલ્બ પ્રમાણે જાળવવામાં આવેલ હતી.

(પ્રાધ્યાપક અને વડા, ડેરી એન્જિનીયરિંગ વિભાગ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

## (૧૧) પશુ પોષણ

### ૧૧.૧ સંકર ગાયોને સમતોલ દાણ

આણંદ જીલ્લામાં સંકર ગાયો ધરાવતા પશુપાલકોને દૈનિક ૭ થી ૯ કિ.ગ્રા. દૂધ આપતી ગાયોને ચોમાસા અને શિયાળામાં દરરોજ ૧ કિ.ગ્રા. અને ૧૫ થી ૧૮ કિ.ગ્રા. દૂધ આપતી ગાયોને બધી જ ઋતુઓમાં દરરોજ ૧.૫ કિ.ગ્રા. વધારાનું સમતોલ દાણ આપવા ભલામણ છે.

(સંશોધન વૈજ્ઞાનિક, પશુપોષણ સંશોધન વિભાગ, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૧.૨ દૂધાળ ભેંસોને સમતોલ દાણ

આણંદ જીલ્લાના પશુપાલકોને દૈનિક ૫.૫-૧૦ કિ.ગ્રા. દૂધ આપતી ભેંસોને ઉનાળામાં અને ચોમાસામાં દરરોજ ૧.૦ કિ.ગ્રા. અને શિયાળામાં ૧.૫ કિ.ગ્રા. વધારાનું સમતોલ દાણ આપવા ભલામણ છે.

(સંશોધન વૈજ્ઞાનિક, પશુપોષણ સંશોધન વિભાગ, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૧.૩ ગાભણ ભેંસોના દાણ મિશ્રણમાં બાયપાસ ફેટનો ઉપયોગ

ગાભણ ભેંસોના દાણ મિશ્રણમાં વિયાણ અગાઉ એક માસ દૈનિક ૧૦૦ ગ્રામ બાયપાસ ફેટ અને વિયાણ બાદ ૧૨૦ દિવસ સુધી ૧૫ ગ્રામ બાયપાસ ફેટ પ્રતિ કિ.ગ્રા. દૂધ આપવાથી ભેંસોમાં દૂધ ઉત્પાદન, ચરબીના ટકા, ભેંસ દીઠ દૈનિક આવક તેમજ તાજા જન્મેલા પાડીયાંના વજનમાં વધારો થાય છે અને ભેંસ વહેલી સગર્ભા થાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક, પશુપોષણ સંશોધન વિભાગ, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

## (૧૨) મરઘાં પાલન

### ૧૨.૧ આણંદ કોમર્સિયલ લેયર



વધુ ઉત્પાદન ધરાવતી વ્હાઈટ લેગહોર્ન મરઘાંની વિકસાવેલ સંકર જાત (આઈ.ડબલ્યુ.એન. X આઈ.ડબલ્યુ.પી) ૫૨ (બાવન) ગ્રામ થી વધુ વજનના વાર્ષિક સરેરાશ ૩૦૦ ઈંડા આપે છે અને સારી જીવાદોરી ધરાવે છે. આ જાતનું ઈંડા ઉત્પાદન તથા ઈંડાનું વજન વ્યાવસાયિક ધોરણે ભારતમાં ઉપલબ્ધ અન્ય પક્ષીઓની સમકક્ષ જોવા મળે છે. જેથી આ સંકર જાતની "આણંદ કોમર્સિયલ લેયર" જાત તરીકે વ્યાવસાયિક ધોરણે મરઘા પાલન માટે બહાર પાડવામાં આવેલ છે.

(સંશોધન વૈજ્ઞાનિક , પોલ્ટ્રી સંકુલ, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૨.૨ આણંદ સિન્થેટિક વ્હાઈટ લેગહોર્ન

વ્હાઈટ લેગહોર્નની વધુ વજનવાળા ઈંડાં માટે વિકસાવેલ સિન્થેટિક જાત ૬૪ અઠવાડિયાની ઉંમરે સરેરાશ ૨૩૪ ઈંડા અને ૭૨ અઠવાડિયાની ઉંમરે સરેરાશ ૨૮૦

ઈંડા તેમજ ૨૮ અઠવાડિયાની ઉંમરે ૫૦ ગ્રામ અને ૪૦ અઠવાડિયાની ઉંમરે સરેરાશ ૫૪ ગ્રામથી વધુ વજનવાળા ઈંડાં આપે છે. આથી પક્ષીઓમાં ઈંડાંનું વજન વધારવા માટે આ જાતને "આણંદ સિન્થેટિક વ્હાઈટ લેગહોર્ન" તરીકે બહાર પાડવામાં આવેલ છે.



(સંશોધન વૈજ્ઞાનિક , પોલ્ટ્રી સંકુલ, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદ)

### ૧૨.૩ આણંદ બેન્ટમાઈઝડ વ્હાઈટ લેગહોર્ન

સારી ખોરાક રૂપાંતરણ ક્ષમતા ધરાવતી બેન્ટમાઈઝડ વ્હાઈટ લેગહોર્નની વિકસાવેલ જાત ૨૧-૬૪ અઠવાડિયા દરમિયાન એક ઈંડાંના ઉત્પાદન માટે સામાન્ય વ્હાઈટ લેગહોર્ન પક્ષી કરતા સરેરાશ ૧૦ ગ્રામ ઓછો ખોરાક ખાય છે. તદઉપરાંત આ પક્ષીઓ ૬૪ અઠવાડિયાની ઉંમરે સરેરાશ ૨૫૨ ઈંડા અને ૭૨ અઠવાડિયાની ઉંમરે સરેરાશ ૩૦૨ ઈંડા તેમજ ૪૦ અઠવાડિયાની ઉંમરે ૫૦ ગ્રામથી વધુ વજનવાળા ઈંડાં આપે છે. તેથી આ જાતને "આણંદ બેન્ટમાઈઝડ વ્હાઈટ લેગહોર્ન" તરીકે બહાર પાડવામાં આવેલ છે.



(સંશોધન વૈજ્ઞાનિક , પોલ્ટ્રી સંકુલ, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદ)


સૂક્ષ્મજીવાણુ શાસ્ત્ર વિભાગ અને જૈવિક ખાતર યોજના
આ.કૃ.યુ., આણંદ
ફોન નં. ૦૨૬૯૨ ૨૬૦૨૧૧ (ઓ)

# અનુભવ પ્રવાહી જૈવિક ખાતર




ભારતમાં રાસાયણિક ખાતરની જરૂરિયાત અને ઉત્પાદનનો અંદાજ (કરોડ ટન)
જૈવિક ખાતરના ઉપયોગ દ્વારા ઘટને પૂરી કરી શકાય

| વર્ષ | ૨૦૩૧ | ૨૦૫૧ |
|---|---|---|
| જરૂરીયાત | ૨.૭૩ | ૩.૧૩ |
| ઉત્પાદન | ૨.૦૯ | ૨.૩૯ |
| ઘટ | ૦.૬૪ | ૦.૭૨ |




## તમામ પાક માટે
(એઝોટોબેક્ટર ક્રુકોકમ)




## આ.કૃ.યુ. એ વિકસાવેલ અનુભવ પ્રવાહી જૈવિક ખાતર લેબ ટુ લેન્ડ








## ધાન્ય પાકો માટે
(અઝોસ્પાઈરીલમ લીપોફેરમ)



## કઠોળ પાક માટે
રાઈઝોબિયમ કલ્ચર




## તમામ પાક માટે

ફોસ્ફેટ કલ્ચર (બેસીલસ કોએગ્યુલન્સ)



પોટાશ કલ્ચર (એંટેરોબેક્ટર એસબ્યુરાઈ)






બેક્ટેરિયાની માવજત બાદ ડાંગરનાં ધરૂની રોપણી



## પ્રવાહી જૈવિક ખાતરની વિશિષ્ટતા

- અવધિ ૧ વર્ષ
- ૧૦ કરોડ સૂક્ષ્મજીવાણુ પ્રતિ મિલિ લિટર
- સસ્તું અને જમીનની જાળવણી કરનાર
- વપરાશ અને વહન સરળ
- ખેડૂતોમાં આવકાર્ય
- ટપક પધ્ધતિ માટે સાનુકૂળ
- ગ્રીન હાઉસ માટે અનુકૂળ
- નાઈટ્રોજન અને ફોસ્ફરસ ખાતરની બચત
- ઉત્પાદનમાં ૮-૧૦% વૃદ્ધિ



## ગુણવત્તા અને વિશ્વસનીયતાનું પ્રતિક

# 'અનુભવ સીડ'

ANUBHAV SEEDS®
AAU
कृण्वन्तो राष्ट्रं कृषिसंपन्नम्
ANAND AGRICULTURAL UNIVERSITY-ANAND

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત અગત્યના પાકોની સુધારેલ/સંકર જાતોના બિયારણ અદ્યતન પ્રોસેસિંગ પ્લાન્ટમાં પ્રોસેસ કરી, કોઈપણ પ્રકારની ભેળસેળને અવકાશ ન રહે તે માટે સીલબંધ બેગ (નોન વુવન ફેબ્રિકસ /પીવીસી પૅકેટમાં) ‘‘અનુભવ સીડસ’’ ના નામથી પૅકિંગ કરી વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત અગત્યના ફળપાકો અને ફૂલછોડના રોપા/કલમોનું પણ વેચાણ કરવામાં આવે છે.

ખેડૂતમિત્રોએ બિયારણ તેમજ રોપા/કલમો નીચે દર્શાવેલ સરનામે/ફોન સંપર્ક સાધવાથી જરૂરી માર્ગદર્શન મળશે.

| | | |
|---|---|---|
| બિયારણ | નોડલ ઓફિસર (સીડ) અને સંશોધન વૈજ્ઞાનિક<br>રીજીયોનલ રીસર્ચ સ્ટેશન, આણંદ કૃષિ યુનિવર્સિટી<br>આણંદ - ૩૮૮ ૧૧૦ | ફોન નંબર<br>૦૨૬૯૨-૨૬૦૩૨૯<br>૦૨૬૯૨-૨૬૪૨૩૪ |
| રોપા/કલમો | પ્રાધ્યાપક અને વડા, બાગાયતશાસ્ત્ર વિભાગ<br>બં.અ. કૃષિ મહાવિદ્યાલય<br>આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮ ૧૧૦ | ફોન નંબર<br>૦૨૬૯૨-૨૬૨૩૭૫<br>૦૨૬૯૨-૨૯૦૨૫૦ |


## "કૃષિગોવિદ્યા" પ્રકાશન વિભાગ, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિવિધ વિષયો ઉપર પ્રકાશિત કરવામાં આવેલ પુસ્તકો મેળવો




**કિંમત : ₹ ૬૦/- (રૂબરૂ)**
**₹ ૧૧૦/- (રજી. પોસ્ટથી)**




**કિંમત : ₹ ૬૦/- (રૂબરૂ)**
**₹ ૧૧૦/- (રજી. પોસ્ટથી)**





**કિંમત : ₹ ૩૦/- (રૂબરૂ)**
**₹ ૭૦/- (રજી. પોસ્ટથી)**




**કિંમત : ₹ ૬૦/- (રૂબરૂ)**
**₹ ૧૧૦/- (રજી. પોસ્ટથી)**




**કિંમત : ₹ ૮૦/- (રૂબરૂ)**
**₹ ૧૪૦/- (રજી. પોસ્ટથી)**




**કિંમત : ₹ ૩૦/- (રૂબરૂ)**
**₹ ૭૦/- (રજી. પોસ્ટથી)**

### :વધુ માહિતી માટે સંપર્ક :

તંત્રી, કૃષિગોવિદ્યા, પ્રકાશન વિભાગ
વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ જી. આણંદ પિન : ૩૮૮ ૧૧૦
ફોન : (૦૨૬૯૨) ૨૨૫૯૮૮, ૨૬૧૯૨૧

નોંધ : પુસ્તકોની રકમ મનીઓર્ડરથી તથા બેંક ડ્રાફટથી "આણંદ કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટસ, આણંદ"ના નામે સ્વીકારવામાં આવે છે

**પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત પુસ્તકોમાં આપેલ માહિતીનો ઉપયોગ કરી આપની ખેતીને સમૃદ્ધ બનાવો**

**www.aau.in**